# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-11-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે વરસાદથી અસરગ્રસ્ત ગીરસોમનાથ અને જુનાગઢ જિલ્લાની મુલાકાત લીધી- ખેડૂતો સાથે વાતચીત કરી
2. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે ગાંધીનગર ખાતેની બેઠકમાં રાજ્યના સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સની કામગીરીની વિગતો મેળવી
3. રાજ્યની સાયબર ગુના શાખાએ 200 કરોડ રૂપિયાની છેતરપિંડીનો ભેદ ઉકેલ્યો
4. CA ફાઉન્ડેશન અને ફાઈનલ પરીક્ષાના પરિણામ જાહેર-અમદાવાદની ક્રિતિ શર્મા CA ઇન્ટરમીડિયેટમાં દેશમાં બીજા ક્રમે
5. રાજ્યમાં છેલ્લા 4 વર્ષની સરખામણીએ આ વર્ષે ઓક્ટોબરમાં સૌથી વધુ વરસાદ નોંધાયો

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM DISTRICTS VISIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લાની મુલાકાત લીધી. દરમિયાન તેઓ તાજેતરના કમોસમી વરસાદથી અસરગ્રસ્ત આ જિલ્લાઓની સ્થિતિનું નિરીક્ષણ કરશે. શ્રી પટેલે ગીર સોમનાથના કોડીનાર તાલુકાના કડવાસણની મુલાકાત લઈ ખેડૂતો સાથે વાતચીત કરી. તેઓ જુનાગઢ જિલ્લાના માળિયા તાલુકાના પાણીદ્રા ગામોના અસરગ્રસ્ત ખેડૂતો સાથે પ્રત્યક્ષ વાતચીત પણ કરશે. અગાઉ મુખ્યમંત્રી દીવ હવાઇમથક પર પહોંચ્યા ત્યારે કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડિયા અને ડૉ. પ્રદ્યુમન વાજા પણ જોડાયા હતા.

-------------

# Pak survey –district

રાજ્યભરમાં કમોસમી વરસાદને કારણે થયેલા પાક નુકશાની સર્વેની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. જીલ્લાવાર ખેતીવાડી વિભાગની ટીમો દ્વારા સઘન કામગીરી કરાઇ રહી છે .

વડોદરાના જિલ્લામાં ૧૦૭ ટીમો દ્વારા ૪૦૬ ગામોમાં માવઠાથી પાક નુકસાનીનો સર્વે પૂરો થયો છે, જેમાં ડભોઇ તાલુકામાં ૭૫, ડેસર તાલુકામાં ૨૮, કરજણમાં ૫૧, પાદરામાં ૫૮, સાવલીમાં ૫૭, શિનોરમાં ૩૦, વડોદરા

તાલુકામાં ૫૧, વાઘોડિયા તાલુકામાં ૫૬ મળી કુલ ૪૦૬ ગામોમાં સર્વે કામગીરી પૂરી થઇ છે.

ગીર સોમનાથ જિલ્લામાં ૪૯ ટીમ દ્વારા કોડીનારના ૬૧ ગામમાં, સૂત્રાપાડાના ૪૭ ગામમાં અને ઉનાના ૭૮ ગામમાં એમ ૧૦૦% સર્વે પૂર્ણ કરવામાં આવ્યો છે. જ્યારે તાલાલાના ૩૫, વેરાવળના ૪૦ અને ગીરગઢડાના ૫૦ ગામમાં ૮૬% સર્વે પૂર્ણ થયો છે.

નવસારી જિલ્લામાં 138 ટીમો દ્વારા 384 ગામોનું સર્વે કાર્ય ૩૮૪ કામગીરી પૂરી કરવામાં આવી છે

પંચમહાલ જિલ્લામાં કુલ 116 ટીમો દ્વારા 592 ગામોમાં સર્વે હાથ ધરાયો છે, જે 7 દિવસમાં સરકારને રિપોર્ટ આપશે.

તાપી જિલ્લાના વ્યારા, વલોડ, નિઝર, ઉચ્છલ, કુકરમુંડા, સોનગઢ, ઉકાઈ અને ડોલવનના કુલ ૫૧૮ ગામોમાં વરસાદી નુકસાન નોંધાયું છે. જેમાં કુલ ૧૨૮ ટીમો દ્વારા ઝડપથી સર્વે કામગીરી કરવામાં આવી રહી છે.

...2...



ડાંગ જિલ્લામાં ૧૦૦ ટીમો દ્વારા તમામ ૩૧૧ ગામડાઓમા પાક નુકસાની અંગે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે.

જામનગર જિલ્લામાં કુલ ૩૩૨ ટીમો દ્વારા જામનગર (ગ્રામ્ય) ના ૧૦૦, જામનગર (શહેર)ના ૬, કાલાવડના ૯૮, જામજોધપુરના ૬૯, ધ્રોલના ૪૨, જોડિયાના ૩૭ અને લાલપુરના ૭3 ગામોનો સર્વે પૂર્ણ કરી દેવાયો છે.

ભાવનગર જિલ્લામાં ૬૯૯ જેટલાં ગામોમાં સર્વેની પ્રક્રિયા પૂરી થઈ છે.

વલસાડ જિલ્લાના 469 ગામોમાં પાક નુકસાનીના સર્વે માટે કુલ 16 ટીમોની રચના કરવામાં આવી છે.

-------------

# CM NITI AYOG

ખેડૂતોના હિતમાં ટેકનોલોજીને પ્રોત્સાહન આપવા માટે નીતિ આયોગના ટેક્નોલોજી થકી કૃષિ પરિવર્તન અંગેના રાષ્ટ્રીય સ્તરના મહત્વપૂર્ણ દસ્તાવેજનું આજે ગાંધીનગર ખાતે વિમોચન થયું. આ દસ્તાવેજનું વિમોચન કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, દેશના કૃષિ ક્ષેત્રને ભવિષ્ય માટે તૈયાર કરવામાં નીતિ આયોગનો આ રોડમેપ મહત્વની બ્લૂપ્રિન્ટ છે. શ્રી પટેલે કહ્યું, નીતિ આયોગની મહત્વપૂર્ણ પહેલોને સાકાર કરવામાં ગુજરાતે અગ્રણી ભૂમિકા નિભાવી છે.

(બાઇટ : ભૂપેન્દ્ર પટેલ – મુખ્યમંત્રી)

આ પ્રસંગે નીતિ આયોગના CEO બી.વી.આર. સુબ્રહ્મણ્યમ, નીતિ આયોગના સભ્ય દેબ જાની ઘોષ, રાજ્યના કૃષિ મંત્રી જીતુ વાઘાણી ઉપસ્થિત રહ્યા.

-------------

# VAISHNAV MEETING

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું, ગુજરાતના સેમિકન્ડક્ટર એકમો થકી આગામી સમયમાં ધોલેરા હાઈટેક ઉત્પાદનનું મોટુ કેન્દ્ર બનશે. રાજ્યમાં સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે ફેબના પ્રોજેક્ટ્સની પ્રગતિ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં શ્રી વૈષ્ણવે કહ્યું, દેશના વિકાસ માટે ઈલેકટ્રોનિક્સ અને સેમિકન્ડક્ટર ઉત્પાદનના મહત્વના ક્ષેત્ર પર વિશેષ ધ્યાન આપવાનું અભિયાન હાથ ધરાયું છે.

## (બાઇટ : અશ્વિની વૈષ્ણવ, કેન્દ્રીય મંત્રી)

શ્રી વૈષ્ણવે ધોલેરા અને સાણંદમાં નિર્માણાધીન ટાટા, માઈક્રોન અને સીજી સેમિકોન જેવા સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સ માટે જરૂરી વીજળી, પાણી, પરિવહન અને સોશિયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર તથા માર્ગ અને હવાઈ કનેક્ટિવિટીના રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાઈ રહેલા કામોની વિગતો મેળવી.

બેઠક દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સેમિકોન ક્ષેત્રે અગ્રણી લીડર બનશે. બેઠકમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયા ઉપસ્થિત રહ્યા હતા.

-------------

# VAISHNAV STATION VISIT

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું અમદાવાદ રેલવે મથકે ત્રણ નવા પ્લેટફોર્મ બનાવાશે. અમદાવાદ રેલવે મથકના પુનર્વિકાસ કાર્યનું નિરીક્ષણ કરતાં શ્રી વૈષ્ણવે કહ્યું, અમદાવાદ રેલવે મથક અને બુલેટ ટ્રેનનું મથક બંને મર્જ કરવામાં આવશે.

(બાઇટ : અશ્વિની વૈષ્ણવ, કેન્દ્રીય મંત્રી)

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# CYBER FRAUD

ગુજરાત સાયબર ગુના શાખાએ છ આરોપીઓની ધરપકડ કરી 200 કરોડ રૂપિયાની છેતરપિંડીનો ભેદ ઉકેલ્યો છે. આરોપીઓએ કંપનીઓ અને NGOના નામે બેંક ખાતા ખોલીને છેતરપિંડી કરતા હતા. આ ખાતાઓનું ભંડોળ વિદેશમાં મોકલવામાં આવતું હતું. સાયબર સેન્ટર ઓફ એક્સલન્સના પોલીસ અધિક્ષક સંજય કેશવાલાએ જણાવ્યું, આરોપીઓ લોકોને પાર્ટ-ટાઇમ નોકરીનું વચન આપી આ ગુનાહિત પ્રવૃતિ કરતા હતા.

(બાઇટ : સંજય કેશવાલા, SP, સાયબર સેન્ટર ઓફ એક્સલન્સ)

-------------

# CA RESULT

ભારતીય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ સંસ્થા-ICAI એ સપ્ટેમ્બરમાં લેવાયેલી CA ફાઉન્ડેશન અને ફાઈનલ પરીક્ષાના પરિણામ જાહેર કર્યા છે.

અમદાવાદના ક્રિતિ શર્મા CA ઇન્ટરમીડિયેટમાં દેશમાં બીજા ક્રમે રહ્યા છે. ઇન્ટરમીડિયેટમાં અમદાવાદના 6 ઉમેદવારોનો ટોપ 50માં સમાવેશ થયો છે. જેમાં ખુશવંત કુમારનો 18મો, પાર્થ જેટનીનો 25મો, પ્રીત ઠક્કરનો 25મો, દર્શિત વાસાણીયાનો 29મો રેન્ક, દિયા શાહનો 40 રેન્ક આવ્યો છે.

CA ફાઉન્ડેશનમાં અમદાવાદના સુમિત હસરાજનીનો 10મો રેન્ક, ઇશા અરોરાનો 20મો રેન્ક, આલોક પંચોરીનો 23 મો રેન્ક, મોક્ષિલ

મહેતાનો 27મો રેન્ક, સક્ષમ જૈનનો 34 મો રેન્ક જ્યારે રાજકોટના જિગર રાચ્છનો ભારતમાં 20મો રેન્ક આવ્યો છે.

-------------

# WEATHER

રાજ્યમાં છેલ્લા 4 વર્ષની સરખામણીએ આ વર્ષે ઓક્ટોબર મહિનામાં સૌથી વધુ વરસાદનો વિક્રમ સ્થાપિત થયો છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં આગામી બે દિવસ બાદ વરસાદી માહોલમાંથી સંપૂર્ણ રાહત મળવાની શક્યતા છે. જોકે, આજે સમગ્ર રાજ્યમાં સામાન્ય વરસાદ થવાની સંભાવના છે. આવતીકાલે પણ રાજ્યના કેટલાક જિલ્લાઓમાં વરસાદ પડી શકે છે, જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં આજે ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના નિયામક એ. કે. દાસે જણાવ્યું હતું કે, માછીમારો માટે આગામી પાંચ દિવસ કોઈ ચેતવણી આપવામાં આવી નથી

(બાઇટ : એ. કે . દાસ હવામાન વિભાગના નિયામક)

-------------

# Patan lokmelo

પાટણ શહેરમાં સાત દિવસ અને રાત્રિ સુધી યોજાતા રેવડિયા મેળાનો રાજ્યના વન અને પર્યાવરણ વિભાગના મંત્રી પ્રવીણ માળીએ આજે પ્રારંભ કરાવ્યો હતો.

મંત્રીશ્રી, એ અહીં સમગ્ર પદ્મનાભ વાડી સંકુલમાં માટીના ક્યારાની ભગવાન તરીકે પૂજા થતી હોવાનું જાણીને ખૂબ જ આનંદ વ્યક્ત કર્યો હતો

કારતક સુદ પૂનમ નિમિત્તે યોજાતા ભગવાન પદ્મનાભના આ લોકમેળાનું  સમગ્ર પંથકમાં મોટું માહાત્મ્ય રહ્યું છે.

-------------

# Ahmedabad – Goa Flight

અમદાવાદથી ગોવા વચ્ચે સીધી હવાઈ સેવા શરૂ કરાઇ છે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય હવાઈ મથકથી 1 નવેમ્બરથી ગોવા માટેની સીધી ઉડાન શરૂ થઈ ગઈ છે, જે ગોવાની મુસાફરી  બે કલાકમાં પૂરી કરશે,  જેને કારણે પ્રવાસ હવે વધુ સરળ અને ઝડપી બનશે. આ ફ્લાઈટ સવારે 10:50 વાગ્યે અમદાવાદથી ટેક ઓફ કરશે અને બપોરે 12:35 વાગ્યે ગોવા પહોંચશે. આ સેવા સોમવારથી શુક્રવાર તેમજ રવિવારે કાર્યરત રહેશે.

-------------

# State kabaddi champ

ભાવનગર ખાતે ઓછી વયના બહેનોની  રાજ્યસ્તરની કબડ્ડી સ્પર્ધા યોજાઈ.

ભાવનગરથી અમારાં પ્રતિનિધી સુરેશ ત્રિવેદી જણાવે છે કે, ગત પહેલી અને બીજી નવેમ્બરના રોજ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ  ખાતે યોજાયેલ, આ સ્પર્ધામાં પ્રથમવાર વિવિધ જિલ્લાની કુલ 22 ટીમોએ ભાગ લીધો હતો. અંતિમ મેચ તાપી અને મોરબી વચ્ચે રમાઇ હતી, જેમાં 12 પોઇન્ટના અંતરથી તાપી જિલ્લાની ટીમ વિજેતા બની હતી. બંને ટીમોને ટ્રોફી તેમજ ખેલાડીઓને મેડલ આપી સન્માનિત કરવામાં આવી હતી.

-------------

# TAT BHARTI

રાજ્યની સરકારી અને બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં દિવ્યાંગ ઉમેદવારો માટે શિક્ષણ સહાયકની ખાસ ભરતી ઝૂંબેશ શરૂ કરવામાં આવી છે. તે અંતર્ગત લાયકાત ધરાવતા દ્વિસ્તરીય TAT (ઉચ્ચતર માધ્યમિક) -2023 પરીક્ષા પાસ હોય તેવા ફક્ત દિવ્યાંગ ઉમેદવારો 12 નવેમ્બર રોજ રાત્રિના 12 કલાક પહેલા https://gserc.in/ વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરી શકશે.

-------------